—— COPY ——


# THE GANDHIDHAM CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 058

તા: ૨૩.૦૪.૨૦૧૮

શ્રી વિજયભાઈ રૂપાણી,
મુખ્યમંત્રીશ્રી તથા
મંત્રીશ્રી શહેરી વિકાસ મંત્રાલય,
સર્વણિમં સંકુલ – ૧, ૩જે માળે,
નવા સચિવાલય, ગાંધીનગર – ૩૮૨ ૦૧૦

વિષય: ગાંધીધામ નગરપાલીકાને મહાનગરપાલીકાનો દરજ્જો આપવા બાબત

માનનિયશ્રી,

ગાંધીધામ નગરપાલીકાને મહાનગરપાલીકાનો દરજ્જો આપવાની લોક માંગણી ઘણા સમયથી ગુજરાત સરકાર સમક્ષ પડતર છે. વિસ્તારની દ્રષ્ટીએ રાજયની સઘળી નગરપાલીકાઓ કરતાં ગાંધીધામનો વિસ્તાર સૌથી વધારે છે. ઝડપી ઔદ્યોગીકરણને કારણે ધંધા-રોજગાર અર્થે હજરો લોકો દેશભરથી આવી અંહી સ્થાયી થયા છે. આ ઉપરાંત જનસંખ્યામાં ફ્લોટીંગ વસ્તી પણ ખૂબ જ વધારે છે. આથી વાસ્તવીક જનસંખ્યા ચાર લાખથી પણ વધારે છે.

નગરપાલીકાને કોર્પોરેશનનો દરજ્જો અપાય તો વર્લ્ડબેન્ક સહિતની ગ્રાંટથી પ્રજાકીય કામો હાથ ધરી શકાય. હાલ નગરપાલીકાનાં આવક્નાં સાધનો ટાંચા છે તેની માલીકીની જમીન પણ નથી તેથી વિકાસ કામોમાં ઝડપ આવતી નથી. આથી નગરપાલીકાને કોર્પોરેશનનો દરજ્જો આપવાથી સંકુલની વિકાસયાત્રા વેગ પકડશે અને વહીવટી સુચારૂ પારદર્શક બનશે.

આ ઉપરાંત ગાંધીધામ પાસે કંડલા સ્માર્ટ ઇન્ડસ્ટ્રીયલ પોર્ટ સીટી અંતર્ગત કોમર્શીયલ અને રહેણાંકનું સંકુલ પણ બનવા જઈ રહ્યું છે. આજનાં સમયની અહિંનાં લોકોની માંગ છે કે ગાંધીધામ નગરપાલીકાને મહનગરપાલીકાનો દરજ્જો આપવો જોઇએ જેથી લોકોનાં પ્રશ્નો અને આકાંક્ષાઓને ઝડપથી પરીપૂર્ણ કરી શકાય.

અમને આશા છે કે ગુજરાત સરકાર લોકોની લાગણી અને માગણીને માન આપી ગાંધીધામ નગરપાલીકાને મહાનગરપાલીકાનો દરજ્જો આપવા તાત્કાલિક પગલા ભરશે એજ અપેક્ષા સહ....

આભાર....

આપનો વિશ્વાસુ,

B.B.

બાબુભાઈ હુંબલ
પ્રમુખ

નકલ રવાના: પ્રમુખશ્રી, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસસ્ટ્રી, અમદાવાદ